# સુરત મહાનગરપાલિકા
# પ્રધાનમંત્રી આવાસ યોજના
# એફોર્ડેબલ હાઉસીંગ સેલ

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન વિસ્તારમાં આવાસ મેળવવાની અમૂલ્ય તક

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS–૧ ટાઈપ તથા EWS–૨ ટાઈપ આવાસોના નવા ફોર્મ વિત્તરણ બાબતે જાહેર સુચના

## અરજી ફોર્મ મેળવવાની તથા જમા કરવાની મુદત

## તા.૦૧/૦૮/૨૦૧૭ થી તા.૩૧/૦૮/૨૦૧૭ સુધી

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નીચે જણાવ્યા મુજબની વિગતે આવાસો મેળવવા અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

## EWS – ૧ ટાઈપ

| અનુ. નં. | યોજનાનો કોડ | આવાસનું સ્થળ | સરનામુ | ફલેટની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | EWS-૦૮ | ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ) ફા.પ્લોટ નં.૧૨૦ | સુમનકુંજની બાજુમાં, વૃંદાવન પાર્ટી પ્લોટની સામે, SMVS મંદિરની સામેનો રોડ,ડભોલી રોડ, સુરત | ૬૬૦ |
| ૨ | EWS-૧૨ | ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા.પ્લોટ નં.૧૯૦ | ગોલ્ડન હેવનની પાછળ, ઉત્રાણ પાવર હાઉસની સામે, ઉત્રાણ,સુરત. | ૭૬૦ |
| ૩ | EWS-૧૬ | ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટા વરાછા) ફા.પ્લોટ નં.૧૪૭ | સંસ્કૃતિ રેસીડેન્સીની બાજુમાં, મહારાજા ફાર્મની પાછળ, મોટા વરાછા, સુરત. | ૫૬૦ |
| ૪ | EWS-૧૯ | ટી.પી.સ્કીમ નં.૪૧ (ડીંડોલી) ફા.પ્લોટ નં.૨૯ | ઋષિકેશ એપાર્ટમેન્ટ તથા હેતવી રેસી.ની બાજુમાં, કૈલાશનગરની પાસે, નવાગામ–ડીંડોલી,સુરત. | ૧૬૦ |
| ૫ | EWS-૨૦ | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવત–મગોબ) ફા.પ્લોટ નં.૧૦૦ | વ્રજભુમી એપાર્ટમેન્ટની બાજુમાં, પરવત–મગોબ, સુરત. | ૪૦૮ |
| ૬ | EWS-૨૧ | ટી.પી.સ્કીમ નં.૧૯(પરવત–મગોબ) ફા.પ્લોટ નં.૧૧૧/૧ | કેપિટલ સ્કવેરની ગલીમાં, સેફાયર–૮ની સામે, પરવત–મગોબ, સુરત. | ૫૭૦ |
| | | | કુલ | ૩૧૧૮ |

## EWS – ૨ ટાઈપ

| અનુ. નં. | યોજનાનો કોડ | આવાસનું સ્થળ | સરનામું | ફલેટની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | EWS-૦૯ | ટી.પી.સ્કીમ નં.૧૯ (કતારગામ)ફા.પ્લોટ નં.૧૮૦ | શંકરનગર હા. સોસાયટીની સામે, સુમન નિકેતન ની બાજુમાં, લલિતા ચોકડી, કતારગામ, સુરત. | ૧૧૨ |
| ૨ | EWS-૧૦ | ટી.પી.સ્કીમ નં.૨૫ (સીગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૭૪ | સીગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે, સીગણપોર,સુરત. | ૨૬૦ |
| ૩ | EWS-૧૧ | ટી.પી.સ્કીમ નં.૨૫ (સીગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૯૭ | સીગણપોર ભરીમાતા મંદિર પાસે, સીગણપોર–કોઝવે રોડ, સીગણપોર, સુરત. | ૧૯૨ |
| ૪ | EWS-૧૩ | ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા.પ્લોટ નં.૧૬૭ | કુષ્ણકુંજ રેસીડેન્સી સામે, એમ્બી વેલીની ગલીમાં, ઉત્રાણ,સુરત. | ૫૨૮ |
| ૫ | EWS-૧૪ | ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા.પ્લોટ નં.૧૮૦ | એમ્બી વેલીની બાજુમાં, મનીષા ગરનાળા પાસે, ઉત્રાણ, સુરત. | ૫૧૨ |
| ૬ | EWS-૧૫ | ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા.પ્લોટ નં.૧૯૧ | ગોલ્ડન હેવનની પાછળ, ઉત્રાણ પાવર હાઉસની સામે, ઉત્રાણ, સુરત. | ૫૦૪ |
| ૭ | EWS-૧૭ | ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટા વરાછા) ફા.પ્લોટ નં.૧૬૫ | આસ્થા સ્કવેરની બાજુમાં, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત. | ૭૫૨ |
| ૮ | EWS-૧૮ | ટી.પી.સ્કીમ નં.૬૮ (પુણા–સીમાડા) ફા.પ્લોટ નં.૧૧ | યોગી ચોક, કમ્યુનીટી હોલ પાછળ, સાવલીયા સર્કલની બાજુમાં, સીમાડા જંકશન, સુરત. | ૮૦ |
| ૯ | EWS-૨૨ | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવત–મગોબ) ફા.પ્લોટ નં.૧૧૨ | મીદાસ સ્કવેરની પાસે, જુનો પરવત–દેવધ રોડ, પરવત, સુરત. | ૨૦૮ |
| ૧૦ | EWS-૨૩ | ટી.પી.સ્કીમ નં.૫૩ (મગોબ–ડુંભાલ) ફા.પ્લોટ નં.૮૨ | અમેઝીયા વોટર પાર્કની પાછળ, સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ સ્ટોર પાસે, પરવત પાટીયા નજીક, સુરત. | ૧૦૮૮ |
| ૧૧ | EWS- ૨૪ | ટી.પી.સ્કીમ નં.૨૮ (રૂંઢ–વેસુ) ફા.પ્લોટ નં.૩૨/P, સબ પ્લોટ નં.૩ | રાહુલ રાજ મોલની બાજુમાં, સુરત–ડુમ્મસ રોડ, સુરત. | ૯૬ |
| ૧૨ | EWS- ૨૫ | ટી.પી.સ્કીમ નં.૨૮ (રૂંઢ–વેસુ) ફા.પ્લોટ નં.૩૨/P, સબ પ્લોટ નં.૨ | રાહુલ રાજ મોલની બાજુમાં, સુરત–ડુમ્મસ રોડ, સુરત. | ૬૬૦ |
| | | | કુલ | ૪૯૯૨ |

## EWS–૧ ટાઈપ તથા EWS–૨ ટાઈપના અરજી ફોર્મ મેળવવાનું તથા
## ડીપોઝીટ અને પુરાવા સાથે જમા કરવાનું સ્થળ

**આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની** (૧) સુરત–અડાજણ (૨) સુરત–રાંદેર (૩) સુરત–એલ.પી.સવાણી રોડ (૪) સુરત–ભાગળ (૫) સુરત–રીંગરોડ (૬) સુરત–નાનપુરા (૭) સુરત–ઘોડદોડ રોડ (૮) સુરત–પુણા કુંભારીયા (૯) સુરત–ભટાર (૧૦) સુરત–ઉધના (૧૧)સુરત–ટેક્ષટાઈલ માર્કેટ (૧૨)સુરત–કતારગામ (૧૩)સુરત–વેડરોડ (૧૪)સુરત–સહારાદરવાજા (૧૫)સુરત–એલ.એચ.રોડ વરાછા (૧૬)સુરત–મીનીબજાર વરાછા (૧૭)સુરત–સરથાણા (૧૮)સુરત–સીટીલાઈટ(૧૯)સુરત–પીપલોદ(૨૦)સુરત–વેસુ(૨૧)સુરત–અલથાણ શાખાઓ ઉપર **તા.૦૧/૦૮/૨૦૧૭ થી તા.૩૧/૦૮/૨૦૧૭ સુધીમાં (જાહેર રજાઓ સિવાય)** બેંકના કામકાજના સમય દરમ્યાન EWS–૧ ટાઈપ માટે રૂા.૫૦/– તથા EWS–૨ ટાઈપ માટે રૂા.૧૦૦/– ની નિયત ફી ભર્યેથી અરજી ફોર્મ મેળવી શકાશે તેમજ ડીપોઝીટ (EWS–૧ ટાઈપ માટે રૂા.૭,૫૦૦/– તથા EWS–૨ ટાઈપ માટે રૂા.૨૦,૦૦૦/– "SURAT MUNICIPAL CORPORATION" નામનો PAYABLE AT SURAT ના ડિમાન્ડ ડ્રાફ્ટથી) પુરાવા સાથે ભરેલ અરજી ફોર્મ જમા કરાવી શકાશે.

**નોંધ :**–(૧) એક કુટુંબદીઠ એક જ ફોર્મ ભરવાનું હોય, તેવા સંજોગોમાં બેંકમાંથી એક વ્યકિતને એક જ ફોર્મ નિયત ફી લઈ આપવામાં આવશે.

(૨) પ્રત્યેક સ્કીમ માટેના અરજી ફોર્મ કુટુંબદીઠ એક જ ફોર્મ ભરી શકશે તેમ છતાં અરજદાર એક થી વધુ સ્કીમ માટે ફોર્મ ભરશે તો તેઓનો ડ્રો માં એક થી વધુ સ્કીમમાં સફળ થયા બાદ તેઓની પસંદગીની એક જ સ્કીમમાં એક જ આવાસની ફાળવણી કરવામાં આવશે.

(૩) **લાભાર્થીઓએ અરજી ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો ભરવાની રહેશે તેમજ ભરેલ વિગતોના આનુષાંગીક પુરાવાઓ અરજી ફોર્મ સાથે જોડી બેંકમાં જમા કરાવવાના રહેશે.**

(૪) EWS–૧ ટાઈપ અને EWS–૨ ટાઈપ બંને યોજનાના ફોર્મ ભરી શકાશે પરંતુ ડ્રો થયા બાદ મળેલ આવાસમાંથી પસંદગીનું એક જ આવાસ રાખી શકાશે બાકીના આવાસો સુરત મહાનગરપાલિકાને પરત કરવાના રહેશે.

(૫) EWS–૧ ટાઈપ અને EWS–૨ ટાઈપ યોજનાના અરજી ફોર્મ ભરતા પહેલાં અરજી ફોર્મમાં જણાવેલ સુચનાઓ, શરતો તથા બાંહેધરી ચોકસાઈપુર્વક વાંચવી. જે લાભાર્થી અરજી ફોર્મમાં જણાવેલ સુચનાઓ, શરતો તથા બાંહેધરી અનુસાર આવાસ મેળવવા પાત્રતા ધરાવતા ન હોય તેઓએ અરજી ફોર્મ તેમજ ડીપોઝીટ ભરવી નહિ.

(૬) કોમ્પ્યુટરાઈઝ ડ્રો થયા પહેલાં જે લાભાર્થીઓ પોતાની ડીપોઝીટ પરત મેળવવા માંગતા હોય તેઓએ પરત મેળવી લેવાની રહેશે. ડ્રો માં આવાસ ફાળવ્યા બાદ ડીપોઝીટની રકમ મળવાપાત્ર નથી તેમજ ભરેલ હપ્તાની ૫૦% રકમ જપ્ત કરવામાં આવશે.

(૭) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા EWS–૧ ટાઈપ અને EWS–૨ ટાઈપના આવાસો ફકત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ફાળવવામાં આવે છે. લાભાર્થીઓને ફાળવવામાં આવેલ આવાસો ૭ વર્ષ સુધી અન્યને તબદીલ કરી શકાશે નહી/ભાડે આપી શકાશે નહી/વેચી શકાશે નહી/ગીરો કરી શકાશે નહી તેમજ અન્ય કોઈ રીતે હસ્તાંતર કરી શકાતુ નથી. આથી જાહેર જનતાએ કોઈ પણ વ્યકિતની વાતોમાં આવી જઈ ભરમાવું નહિ કે ભરોસો કરવો નહિ તથા અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરવો નહિ. જો કોઈ લાભાર્થી અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરશે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ. આ યોજના બાબતે વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, ધાસ્તીપુરા, સુરત ખાતે રૂબરૂ મળવું અથવા ફોન નં. ૨૪૨૮૫૫૭ થી સંપર્ક કરવો.

(૮) અરજીપત્રક ભરવાની માર્ગદર્શિકા (બ્રોશર) તથા જાહેરાત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

**પી.આર.ઓ. નં.૨૬૬/૨૦૧૭/૧૮** | **કમિશ્નર**
**તા.૨૮/૦૭/૨૦૧૭** | **સુરત મહાનગરપાલિકા**